RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 328* Date: 18.09.2023,Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## લખનૌમાં બ્રહ્મોસ મિસાઈલના નિર્માણ સ્થળ પર કામ ઝડપથી ચાલી રહ્યું છે : રક્ષા મંત્રી



લખનૌ,તા.૧૭

લખનૌમાં બ્રહ્મોસનું ઉત્પાદનઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે તેમના સંસદીય મતવિસ્તાર લખનૌ પ્રવાસના બીજા દિવસે ગોમતી નગરમાં આયોજિત એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે બ્રહ્મોસ મિસાઈલ નિર્માણ સ્થળ પર અને ફેબ્રુઆરી-માર્ચ પછી લખનૌમાં કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. મિસાઈલ ઉત્પાદનનું કામ પણ દેશમાંથી શરૂ થશે. તેમણે કહ્યું કે ઢઈઢ (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન) લેબનું કામ પણ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે જેનાથી લખનૌના લોકોને ફાયદો થશે. તેમણે એમ પણ કહ્યું કે, 'લખનૌમાં ૧૧ અન્ય પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે. જો કે તેને પૂર્ણ થવામાં થોડો સમય લાગશે, પરંતુ હું કહી શકું છું કે આવનારા કેટલાક વર્ષોમાં લોકો બિલકુલ અલગ લખનૌ જોશે.

અગાઉ જૂનમાં રક્ષા મંત્રીએ લખનૌમાં આયોજિત આત્મનિર્ભર ભારત સાથે જોડાયેલા એક કાર્યક્રમમાં કહ્યું હતું કે નટ અને બોલ્ટથી લઈને બ્રહ્મોસ મિસાઈલ સુધીની દરેક વસ્તુનું નિર્માણ ઉત્તર પ્રદેશ ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, 'અમે યુપી અને તમિલનાડુમાં ડિફેન્સ કોરિડોર બનાવીને ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ માટે અનુકૂળ વાતાવરણ બનાવ્યું છે. યુપીડીઆઈસી કોરિડોર માટે લગભગ ૧૭૦૦ હેક્ટર જમીન સંપાદિત કરવાની યોજના છે, જેમાંથી ૯૫% થી વધુ જમીન પહેલેથી જ સંપાદિત કરવામાં આવી છે.

ભારતીય જનતા પાર્ટીના મહાનગર એકમ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, રક્ષા મંત્રીએ લખનૌની તેમની મુલાકાતના બીજા દિવસે, ખુર્રમ નગર અને પોલિટેકનિક ઈન્ટરસેક્શન પર બનાવવામાં આવી રહેલા મુનશી પુલિયા ઓવર બ્રિજના કામની પ્રગતિનું નિરીક્ષણ કર્યું. ઈન્દિરા નગર સેક્ટર ૨૫ માં. આ પછી તેમણે ગોમતી નગરમાં બની રહેલા ઉચ્ચસ્તરીય રેલવે સ્ટેશનના વિકાસ કાર્યનું પણ નિરીક્ષણ કર્યું હતું.

સિંહે કહ્યું, 'હું કહી શકું છું કે ગોમતી નગર રેલવે સ્ટેશન પર જે રીતે કામ ચાલી રહ્યું છે તેનાથી હું સંતુષ્ટ છું, તે ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થઈ જશે અને બાકીનું કામ ચાલુ રહેશે.' રક્ષા મંત્રીએ બંને ફ્લાયઓવરનું બાંધકામ ડિસેમ્બર-જાન્યુઆરી સુધીમાં પૂર્ણ કરવાની સૂચના આપી હતી. ટ્રાફિકના સરળ પ્રવાહ માટે, ખુર્રમ નગર ઈન્ટરસેક્શન પર ૨.૬ કિમી લંબાઈનો ફ્લાયઓવર અને રૂ. ૨૬૯.૮૧ કરોડના ખર્ચે અને ૧.૮૬ કિમી લંબાઈનો મુન્શી પુલિયા ફ્લાયઓવર બનાવવામાં આવી રહ્યો છે અને રૂ. ૧૭૦.૬૦ કરોડના ખર્ચે નિર્માણ થઈ રહ્યું છે. નિરીક્ષણ સમયે હાજર કોન્ટ્રાક્ટર અને કન્સલ્ટન્ટે તેમને જણાવ્યું હતું કે બાંધકામનું કામ જાન્યુઆરી સુધીમાં પૂર્ણ થઈ જશે. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે એન્જિનિયરિંગ કોલેજ ઈન્ટરસેક્શન પર ફ્લાયઓવરના નિર્માણના પ્રોજેક્ટને મંત્રાલયે તેના વાર્ષિક કાર્ય યોજનામાં મંજૂરી આપી છે. તેમણે કહ્યું કે પ્રોજેક્ટની નાણાકીય અને વહીવટી મંજૂરી નવેમ્બર સુધીમાં મળી જશે, ત્યારબાદ લગભગ ૧૮ મહિનામાં નિર્માણ કાર્ય પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

'સનાતન ધર્મ' વિશેના પ્રશ્નના જવાબમાં સિંહે કહ્યું, 'સનાતન ધર્મ વસુધૈવ કુટુંબકમનો સંદેશ આપે છે. તેની ન તો શરૂઆત છે કે ન તો અંત. દુનિયાની કોઈ શક્તિ તેને ખતમ કરી શકે તેમ નથી. તાજેતરમાં, ડીએમકેના નેતાઓ ઉધયનિધિ સ્ટાલિન અને એ રાજાએ દાવો કર્યો હતો કે 'સનાતન ધર્મે સમાજમાં વિભાજન કર્યું છે અને તેને ડેન્ગ્યુ, મેલેરિયા અને કોરોના વાયરસ જેવી બીમારીઓ દૂર કરવી જોઈએ.'

## ગુજરાતમાં લો પ્રેશર સક્રિય થતાં ભારે વરસાદની આગાહી આવી છે.

નવીદિલ્હી,તા.૧૭

ઠંડર સ્ટોર્મ એક્ટિવિટી અને ભારે પવન સાથે વરસાદી માહોલ આખા ગુજરાતમાં રહેશે. હવામાન વિભાગની આગાહી મુજબ, અમદાવાદ, બનાસકાંઠા, છોટા ઉદેપુર, નર્મદા, ભાવનગર, સહિત જિલ્લાઓમાં ભારે વરસાદ રહેશે. હવામાન વિભાગ દ્વારા ૪ દિવસ માટે ફિશરમેન વોર્નિંગ જાહેર કરાઈ છે. માછીમારોને ૩ દિવસ દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. આ દિવસોમાં પવનની ગતિ વધુ રહેવાનું હવામાન વિભાગનું અનુમાન છે. બે દિવસ અમદાવાદમાં ભારે વરસાદ રહેશે. તો અરવલ્લી, ખેડા, પંચમહાલ, મહીસાગર, પાટણ સહિત પવન સાથે ભારે વરસાદ ૩ દિવસ રહેશે.

૧૮ સપ્ટેમ્બરે પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા, અમદાવાદ, સુરેન્દ્રનગર, કચ્છમાં ભારે વરસાદ રહેશે. તો આવતીકાલે ખેડા, અમદાવાદ, પંચમહાલ, સુરેન્દ્રનગર, કચ્છમાં ભારે વરસાદની આગાહી છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગ,ર અરવલ્લી અને મહીસાગરમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

૧૯ સપ્ટેમ્બરે મહેસાણા, ગાંધીનગર, સુરેન્દ્રનગર અને મોરબીમાં ભારે વરસાદની આગાહી છે. તેમજ બનાસકાંઠા, પાટણ અને કચ્છમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત ગાંધીનગર, સુરેન્દ્રનગર, દ્વારકા સહિત ૧૯ સપ્ટે.એ ભારે વરસાદ રહેશે. ૧૯ સપ્ટેમ્બરે બનાસકાંઠા અને પાટણમા ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. મહેસાણા અને સાબરકાંઠામા ભારે વરસાદની આગાહી છે.

## સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા આવેલા ટૂરિસ્ટો અધવચ્ચે અટવાયા, શાળા-કોલેજો પણ બંધ, અનેક લોકોના સ્થળાંતર

નર્મદા,તા.૧૭

ગુજરાતમાં અવિરત વરસાદ વચ્ચે હવે નર્મદા જિલ્લામાં જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. આ તરફ હવે નર્મદા કલેક્ટરે જાહેરનામું બહાર પાડ્યું છે. વાત જાણે એમ છે કે, નર્મદા જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે હવે જિલ્લાની તમામ શાળા, કોલેજો બંધ રાખવા આદેશ કરવામાં આવ્યો છે. આ સાથે નર્મદાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવાના તમામ માર્ગ બંધ હોઇ હાઈવે પર પાણી ફરી વળતા રાહદારીઓ અટવાયા હોવાનું પણ સામે આવ્યું છે. નર્મદા જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે કલેક્ટરે જાહેરનામું બહાર પાડ્યું છે. ક્લેક્ટરે જિલ્લાની તમામ શાળા, કોલેજો, બંધ રાખવા આદેશ કર્યો છે. મહત્વનું છે કે, નર્મદા ડેમમાંથી ૨૩ દરવાજા ખોલી પાણી છોડાયું છે. જેને લઈ હવે નીંચાણવાળા અનેક ગામ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ તરફ કોઇ જાનહાની ન સર્જાય તે માટે કલેક્ટર દ્વારા જાહેરનામું બહાર પાડી આદેશ કરવામાં આવ્યો છે. નર્મદા જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે નર્મદાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવાના તમામ માર્ગ બંધ થઈ ગયા છે. આ તરફ વરસાદ વચ્ચે હાઈવે પર પાણી ફરી વળતા રાહદારીઓ અટવાયા હતા. જોકે અટવાયેલા રાહદારીઓનું પોલીસ સાથે ઘર્ષણ પણ થયું હોવાના અહેવાલ છે. આ તરફ ભારે વરસાદ વચ્ચે હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. મહત્વનું છે કે, નર્મદાનું પાણી હાઈવે સુધી પહોંચ્યું છે.અત્રે ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાંતોએ પણ ગુજરાતમાં ૪ દિવસ વરસાદની આગાહી કરી છે. જે મુજબ ૧૭ સપ્ટેમ્બર છોટાઉદેપુર, ભરૂચ, સુરત, દમણ, દાદરા નગર હવેલી, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, કચ્છમાં પણ સામાન્ય વરસાદની આગાહી છે.

## નવી સંસદ ભવન ખાતે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ફરકાવ્યો તિરંગો, આવતીકાલથી સંસદનું વિશેષ સત્ર

નવીદિલ્હી,તા.૧૭

સંસદના વિશેષ સત્ર પહેલા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રવિવારે નવી સંસદ ભવન ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. ધ્વજવંદન પ્રસંગે લોકસભાના સ્પીકર ઓમ બિરલા ઉપરાંત સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશી, રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ, કેન્દ્રીય સંસદીય બાબતોના રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલ અને વી. મુરલીધરન ઉપરાંત રાજયસભા અને લોકસભાના સભ્યો પણ હાજર રહ્યા હતા. નવા સંસદ ભવનનું 'ગજ દ્વાર' વિવિધ પક્ષોના નેતાઓ પણ હાજર રહ્યા હતા.પરંતુ કોંગ્રેસ અધ્યક્ષ અને રાજયસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે આ કાર્યક્રમમાં હાજર રહી શક્યા ન હતા. કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં ભાગ લેવા તેઓ હાલ હૈદરાબાદમાં છે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખજે



નવા સંસદભવનના 'ગજ દ્વાર' પર ધ્વજ ફરકાવ્યો. સંસદના વિશેષ સત્રના એક દિવસ પહેલા આ ખાસ કામ હાથ ધરવામાં આવ્યુ છે. કારણ કે આ સત્રમાં સંસદીય કાર્યવાહીને જૂના સંસદ ભવનમાંથી નવા સંસદ ભવનમાં ખસેડવામાં આવશે.

સંસદના વિશેષ સત્ર પહેલા આજે સાંજે ૪.૩૦ કલાકે સર્વપક્ષીય બેઠક પણ યોજાશે. આ બેઠક દ્વારા વિશેષ સત્રને સરળતાથી ચલાવવા માટે પરસ્પર સર્વસંમતિ સાધવાનો પ્રયાસ કરવામાં આવશે.

આવતીકાલથી સંસદનું પાંચ દિવસનું સત્ર શરૂ થઈ રહ્યું છે. આ પહેલા રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો કાર્યક્રમ યોજાયો હતો. ૨૮મી મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક સમારોહનું આયોજન કરીને નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું, પરંતુ આજ સુધી નવા સંસદભવનમાં એકપણ સત્ર યોજાયું નથી.

રાષ્ટ્રધ્વજ ફરકાવવાના કાર્યક્રમમાં શાસક પક્ષના ઘણા નેતાઓ હાજરી આપવા છતાં, કોંગ્રેસ અધ્યક્ષ અને વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે સમારંભમાં હાજરી આપી ન હતી.

## ગાંધીનગરનાં ચારેય તાલુકામાં મેઘરાજાએ ધીમી ધારે હેત વરસાવ્યું, વાતાવરણમાં ઠંડક પ્રસરી







હવામાન વિભાગ દ્વારા રાજયમાં પાંચ દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. જેનાં પગલે ગાંધીનગર શહેર સહિત જિલ્લાના ચારેય તાલુકા મથક અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. ગઈકાલ બપોરથી વરસાદના છૂટા છવાયા ઝાપટાની સાથે રાત પડતાં મેઘરાજાએ ધીમી ધારે વરસવાનું ચાલુ રાખતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. તો ઘણા સ્થળોએ ભૂવા પડવાથી વાહનો ફસાઈ જવાના બનાવો પણ જોવા મળી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં બે દિવસથી વાદળા ઘેરાયેલા રહ્યાં હતાં અને દિવસ દરમિયાન વરસાદના હળવા ઝાપટા પડ્યા હતાં. તેના કારણે રસ્તા ઉપરથી પસાર થતાં વાહનચાલકો પ્રભાવિત થયા હતાં. વરસાદી વાતાવરણની અસરના કારણે ગાંધીનગરમાં ઠંડક પ્રસરી ગઇ છે અને શહેરનો માહોલ હિલસ્ટેશન જેવો થઈ ગયો છે. માણસા, કલોલ અને દહેગામથી મળતા અહેવાલો અનુસાર ગઈકાલથી વાતાવરણ ઘનઘોર બન્યુ હતું.મોડી સાંજે ધીરધાર વરસાદનું આગમન થતાં કેટલાક સ્થળોએ ટ્રાફિક જામનાં દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. તો મોડી રાતે વરસાદે અમુક વિસ્તારોમાં ધબધબાટી બોલાવી દેતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ગત રાતથી સતત વરસી રહેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. ઠંડા ઠંડા પવનો ફૂંકાવાની સાથે ધીમી ધારે વરસાદ વરસતા ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.હવામાન વિભાગના સત્તાવાર વરસાદી આંકડાની ઉપર નજર કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં સમગ્ર ગાંધીનગર જિલ્લામાં એવરેજ ૧૬ મી.મી વરસાદ નોંધાયો છે. જે પૈકી કલોલમાં ૨૦મી.મી, દહેગામમાં ૨૦મી.મી, માણસામાં ૧૮ મી.મી તેમજ ગાંધીનગરમાં ૭ મી.મી વરસાદ નોંધાયો છે. એજ રીતે આજે સવારના છ થી આઠ વાગ્યા સુધીમાં કલોલમાં ૬ મી.મી, ગાંધીનગરમાં ૬ મી.મી અને માણસામાં ૪ મી.મી વરસાદ વરસ્યો હોવાનું હવામાન વિભાગના ચોપડે નોંધવામાં આવ્યું છે.બીજી તરફ શહેરમાં નજીવા વરસાદમાં જ રોડ ધોવાઈ જવાની સાથે કેટલાક સ્થળોએ ભૂવા પડવાની શરૂઆત થઈ ચૂકી છે. સેકટર - ૨૬ ગ્રીન સીટી વિસ્તારમાં ખોદકામ કર્યા પછી યોગ્ય પુરાણ નહી કરવાના કારણે ભૂવા પડતાં એક ગાડી ખાડામાં ગરકાવ થઈ ગઈ હતી.

## તંત્રી લેખ......

# સંસદમાં 'દાગી'

અપરાધી કે દાગી સાંસદો સંબંધિત એડીઆર(એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ)ના તાજા રિપોર્ટ રાજનીતિના અપરાધીકરણના ખતરનાક સ્તર પર પહોંચવા બાબતે જ નહીં, પરંતુ એના પર અંકુશ લગાવવાની સામુહિક ઈચ્છાશક્તિના અભાવ વિશે પણ જણાવે છે. રિપોર્ટ અનુસાર, બંને સદનોના હાલના સાંસદોમાંથી ૪૦ ટકા પર અપરાધિક કેસો લાગેલા છે, જેમાંથી ૨૫ ટકા પર ગંભીર અપરાધિક કેસો- એટલે કે હત્યા, હત્યાના પ્રયાસ, મહિલાઓ વિરુદ્ધ અપરાધ અને બળાત્કાર સુધીના કેસો છે. ભાજપના સર્વાધિક ૧૩૯ એટલે કે ૩૬ ટકા સાંસદો પર અપરાધિક કેસો ચાલી રહ્યા છે. કેરળના સાંસદો વિરુદ્ધ સૌથી વધુ અપરાધિક કેસો છે અને ગંભીર અપરાધિક કેસોમાં બિહાર સૌથી ઉપર છે. એડીઆર રિપોર્ટે સાંસદોની સંપત્તિ સાથે જોડાયેલ વિગતો પણ પ્રકાશિત કરી છે, જે અનુસાર કુલ સાંસદોની સંપૂર્ણ સંપત્તિ લગભગ ૩૦,૦૦૦ કરોડ રૂપિયા છે, તેલંગણાના સાંસદોની સરેરાશ સંપત્તિ સર્વાધિક ૨૬૨.૨૬ કરોડ છે અને ૫૩ સાંસદ અબજપતિ છે, જેમાં ભાજપના સૌથી વધુ ચૌદ સાંસદ છે.

પરંતુ એડીઆરનો એક બીજો આંકડો સૌથી વધારે દિલચસ્પ છે - સાંસદોની સરેરાશ સંપત્તિ ૩૮.૩૩ કરોડ છે, પરંતુ અપરાધિક પૃષ્ઠભૂમિ ધરાવતા સાંસદોની સરેરાશ સંપત્તિ ૫૦.૦૩ કરોડ છે! એડીઆરના રિપોર્ટથી એ ખબર પડે છે કે રાજનીતિમાં અપરાધીકરણને રોકવાની દિશામાં શીર્ષ અદાલત અને ચૂંટણી પંચની સક્રિયતા હોવા છતાં રાજકીય પક્ષોની સર્વસંમત નિષ્ક્રિયતાથી સ્થિતિ આ ચિંતાજનક વળાંક પર પહોંચી ગઈ છે. એડીઆર અને નેશનલ ઈલેક્શન વોચે જૂન, ૨૦૨૨માં રાજ્યસભા એટલે કે ઉચ્ચ સદનના ૩૧ ટકા સાંસદોની અપરાધિક પૃષ્ઠભૂમિ વિશે પણ જણાવ્યું હતું. આના પહેલાં આપણે રાજકીય પક્ષોને અપરાધીઓને ટિકિટ ન આપવા તથા નામાંકન સમયે ઉમેદવારોની અપરાધિક જાણકારી પણ પ્રકાશિત કરવાના અદાલતના નિર્દેશોની અવહેલના કરતાં જોઈ ચૂક્યા છીએ.

# તમામ પિયકકડોને દારૂસેવન સ્પર્ધામાં વિજેતા થવાની શરાબિક શુભેચ્છા છે!!

દારૂને દૈત્ય મામલામાં આવે છે. હકીકતમાં આવું કહી શકાય કે તે મતમતાંતરનો અલાયદો મુદો છે.દારુને સન્માન ન આપીએ તો કાંઈ વાંધો નહીં. પરંતુ , એનું અપમાન કરવાનો આપણને કોઈ બંધારણીય અધિકાર નથી. માની લઈએ કે આટલા વરસોના અવિરત, અહર્નિશ અને સંનિષ્ઠ પ્રયત્નો છતાં હલકું લોહી હવાલદારનું એ ન્યાયે દારુ સમાજમાં માન સન્માન અર્જિત કરી શકયો નથી.એ સાડી સતરવાર કબુલ . પણ એ દારૂની દારૂકીય વિફળતા નથી પણ સમાજની ઘોર નિષ્ફળતા છે. હા ધિક છે . લ્યાનત હો સમાજને જે દારૂને તતેને ખચિત દરજ્જો અપાવી ન શકયો!! ખેર દારુનું સેવન ન કરનાર દારૂ એ દૈત્ય છે એવો ભ્રમ નિષ્પનન્ કરે છે. જો કે પ્રિયતમાના હોઠની માફક દારૂના પવાલા મોઢે માંડનાર રસિયા, શરાબિયા અને સ્પાદિયા દારુને અમૃત કે સુધા ગણાવે છે. દારુ એ સેવન કરનાર સંજીવનીની ગરજ સારે છે!!

આ ક્રૂર, નિષ્ઠુર , નિર્લજ્જ સમાજ , સમાજના અભિન્ન અને અનિવાર્ય અંગ એવા શરાબીને યથોચિત સન્માન આપવામાં ઉણો ઉતર્યો છે. તેમને દારૂડિયા જેવા અપમાન સૂચક શબ્દોથી એના રૂહ અને આત્માને છની છની કરે છે!! ચાલો, સમાજમાં દારૂને યોગ્ય સ્વીકૃતિ મળી નથી!! અટલે એમનું હળહળતું અપમાન કરવાનો પીળો પરવાનો આપી દીધો. દારુને વહેલામાંવહેલી સ્વીકૃતિ અધિકૃતિ આપવી જ જોઈએ. તેના સિવાય સરકાર પાસે વિકલ્પ નથી!!!

એક સમયે ચા એક પીણા તરીકે સમાજમાં સર્વસ્વીકૃત ન હતી, પણ સર્વતિરુસ્કૃત હતી.ચાને દારૂ સમકક્ષ પેય ગણવામાં આવતું હતું. ત્યારે ચા પિનાકીને ચાવડિયો કે ચાડિયો કહીને હડધૂત કરતા હતા? ચાની જેમ દારુ પણ સમાજમાં સ્વીકૃત બનશે!! વોહ સુબહા આયેંગી કે જેમાં મહેમાનને યજમાન અદબભેર પૂછશે? આપ નીટ લેશો કે વીથ સોડા? બાઈટીંગમાં પનીર પકોડા ચાલશે ?? એ દિવસ રાજુ રદીના જીવનનો ધન્ય ધન્ય જીવન હશે!!!માનો કે આપણે ચીતરીએ છીએ તેટલો દારુ વિધ્વંસક હોય તો અબજો લિટર દારુ શું કામ બંને છે?? જાયન્ટ કંપનીઓની મિટિંગ, પાર્ટી, બાર વગેરેમાં દારુ શું કામ પીવાનો હોય? નવાબોથી માંડીને પ્રધાનો શું કામ દારુ ગટગટાવતા હશે??

દારુને પીવાવાળા કરતા ગાયકો, લેખકો, શાયરોએ ફટવ્યો છે. મહાનાયક અમિતાભના બાબુજી હરિવંશરાય હિન્દી ભાષાના મૂર્ધન્ય કવિ છે. એમણે આખી મધુશાલા ઘસડી નાંખી . કદાચ કોઈ બિવરેજ કંપનીએ મધુશાલાને સ્પોન્સર કરી હોય. હરિવંશરાયે કદી દારુને હાથ અડાડ્યો ન હતો તેવું કહેવાય છે!!! જહોની વોકરે જિંદગીમાં એક બુંદ દારુ ગ્રહણ કર્યો ન હોવા છતાં ચકળવકળ ડોળા અને હાવભાવ વડે દારૂડિયાને અભિનયમાં સાક્ષાત કર્યો હતો!!! કવિ મરવા પડયા હોય અને કહે "એ ગમે જિંદગી કુછ તો દે મશવરા એક તરફ તેરા ઘર એક તરફ હૈ મયકદા, મેં કહાં જાઉં હોતા નહીં ફૈંસલા " સીધીસી બાત હૈ. બડબડ ન સાંભળવી હોય તો શરાબના સબડરા તરફ જા!એક તો ચિકકાર પીને ટુન થયો હોય અને કહે ," સબ કો માલૂમ હૈ મેં શરાબી નહીં ફિર ભી કોઇ પિલાયે તો મૈં કયા કરૂં?? "અરે ભાઈ કોઈ ઝેર પીવડાવશે તો પણ ઢીંચી જઈશ? ખાલીપીલી બકવાસ કરે છે!! એક તો શરાબી અને પાછો હિસાબી થાય. ઓડિટર જીવડો કહે," હુંઈ મહેંગી બહુત હી શરાબ તો થોડી થોડી પિયા કરો, પીઓ લેકિન રખ્ખો હિસાબ , થોડી થોડી પિયા કરો." અરે તારી ભલી થાય ચમના. દારૂ પેટમાં પડયા પછી તને કયાં હોશકોશ રહેશે કે તું હિસાબ રાખીશ!!આટલું ઓછું હોય તો કહે, હંગામા કયું હૈ બરપા, થોડીસી જો પી લી હૈ, ડાકા તો નહીં ડાલા, થોડીસી જો પી હૈ!!" આને શું કહેવું થોડી પીધી છે ને બખાળો ઝાઝા કર્યો છે. પછી હંગામો ન થાય તો શું થાય??

સરકાર તો નશાબંધી નીતિ બનાવે. એનું નશાબંધી સપ્તાહ ઉજવે. જો કે બાકીના સપ્તાહ શું કરવાનું એના વિશે ફોડ ન પાડે એટલે મીઠી મુંઝવણ થાય!!! બહુધા સરકાર નશાને ખુલ્લેઆમ પ્રોત્સાહન ન આપે. એટલે વરસમાં એક દિવસ ડ્રાય ડે ઉજવે. જે દિવસે સૌથી વધુ બાટલી પીવાય એવું પિયકકડો કહે છે. જો કે દેશી વિદેશી દારુની સરકાર માન્ય દુકાનો વધી રહી છે !!! વિદેશી પ્રવાસીઓ આપણે ત્યાં પ્રવાસન સ્થળ, સંસ્કૃતિ, સભ્યતા નિહાળવા આવતા નથી પણ શરાબપાન કરવા આવે છે, એવી અવધારણાથી આપણે શરાબને પ્રોત્સાહન આપીએ છીએ. જેનો લાભ વિદેશીને બદલે દેશી ઉઠાવે છે. યંગસ્ટરની બર્થ ડે પાર્ટીમાં કેક ન હોય તો ચાલી જશે પણ બાટલી વિના પાર્ટી અધૂરી ગણાય એવું પ્રચલન પ્રચલિત થઈ રહ્યું છે!!!

જાપાની પ્રજા ગમે તેવી કુદરતી આપતિઓ વચ્ચે પણ શાંતિ, સંયમ અને મક્કમતાથી સાથે મળીને તેનો સામનો કરી રહી છે. આપણા સમાજે જાપાનીઓ પાસેથી આ શિસ્ત શીખવા જેવું છે.જાપાનની પ્રજા મહેનતકશ છે. જાપાની પ્રજા વિરોધ દર્શાવવા માટે રસ્તા રોકો, ધરણા, પેનડાઉન, તોડફોડ, આગચંપી, સરકારી સંપતિને નુકસાન, હિંસીખોરી જેવો નકારાત્મક અને વિધ્વંસક માર્ગ અખત્યાર કરતી નથી. વિરોધ દર્શાવવા કામના કલાકો ઉપરાંત વધારે કલાકો કામ કરી વધુ ઉત્પાદન કરી કંપની-સરકાર માટે મુશ્કેલી ઉભી કરે છે.

દારૂ પીવા માટે બીજા દેશમાં હરીફાઈ યોજાતી હોય કે ન યોજાતી હોય પણ જાપાનમાં નેશનલ ટેકસ એજન્સી ધી શેક વીવા નામનું અભિયાન ચલાવે છે. જે પીવા માટેનુ? અભિયાન હોવાનું કહેવાય છે.દારૂને લોકપ્રિય કરવા રાષ્ટ્રીય લેવલે સ્પર્ધા યોજે છે.જેનો હેતુ સરકારી તિજોરીને તરબતર કરવાનો છે!!કોરોના દરમિયાન દારુનો વપરાશ ઘટયો છે. જેના પરિણામે સરકારની આવક ત્રણ ટકા ઘટી છે. હાલમા્ દારુનો માથાદીઠ વપરાશ ૨૫ લિટર ઘટી ગયો છે!!૨૦૧૯ અને ૨૦૨૦માં બિયાંનું વેચાણ ઘટીને ૧.૮ બિલિયન લિટર થયું છે. રાષ્ટ્રીય ઢીંચણ સ્પર્ધાનાં વિજેતાને ૧૦ મી નવેમ્બરે ટોકિયોમાં આયોજિત સમારોહમાં પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવશે! જો કે રોકડ ઈનામ આપશે કે ઈનામમાં શરાબની બોટલો આપશે, તેની સ્પષ્ટતા કરવામાં આવી નથી!!!

ભારતના તમામ પિયકકડોને દારૂ પીવાની હરીફાઈમાં ભાગ લઈ વિજેતા બનવાની શરાબિક ( હાર્દિક શબ્દને મળતો શબ્દ!) શુભેચ્છા છે!!

**ભરત વૈષ્ણવ**

# પટેલની ચકરડી

બીજા રાજ્યોમાંથી સાધુ - બ્રાહ્મણના વેશમાં ગુજરાત આવેલા ખરેખર ધર્મરક્ષક હોત, તો તેણે ધર્મ, જ્ઞાન સંસ્કારથી વંચિત, કચડાયેલી પ્રજા આદિવાસી, કોળી, ઠાકોર , દલિત, વાલ્મિકી, જેવી પછાત જ્ઞાતિઓને ત્યાં કાયમી ઉતારો કે આશ્રમ સ્થાપીને તેઓને જ્ઞાન સંસ્કાર આપીને શાકાહારી , સત્સંગી- વૈશ્નવ બનાવ્યા હોત. પણ ભગવાન બની બેઠેલાઓ કોઈ અંત્યજોના તારણહાર થયા જ નથી. જેણે સંપ્રદાય સ્થાપ્યાં તેઓ જમીનદારો, વેપારીઓ અને રોટલા ખાતી પટેલ પ્રજાના જ આશ્રિત બન્યા. અપવાદરૂપ કોઈ પાંચ પછાતોને ભક્ત બનાવ્યા હોય, એનાથી તેઓ મહાન થઈ જતા નથી . તેનાથી સો ગણા ગુનેગારો , હજારો બહારવટીયા, અસંખ્ય પછાતોને રવિશંકર મહારાજ, વિનોબા ભાવેએ સુધાર્યા છે. અને ગાંધીવાદીઓએ જ્ઞાતિ જાતિના ભેદભાવ વગર લાખો બાળકોને શિક્ષિત સાથે સાચા સંસ્કારી બનાવ્યા છે. વાલીયા લુંટારા જેવું મધ્યપ્રદેશનું ગામ જામલી,ને ભેખડીયાને મનસુખભાઈ સુવાગીયાએ ભગવા વસ્ત્રો કે ધર્મની ગાદી વગર લૂંટફાટ, દારૂ , તમાકુ, શિકાર, માંસાહાર બંધ કરાવીને શાકાહારી સંસ્કારી ભારતના પ્રથમ દિવ્યગ્રામ બનાવ્યા છે . લાખો લોકોને વ્યસન મુક્ત કર્યા છે. ધર્મસ્થાનો કરતા ઊંચા મૂલ્યો પોતાની ફલોટેક સબમર્સીબલ પંપની કંપનીમાં, ઘર અને પ્રસંગોમાં પાળે છે. કરોડો કિસાનો, હજારો ગામનો અને ગાયનો ઉદ્ધાર કર્યા પછી સામાન્ય માણસ તરીકે જ જીવે છે. આવા લોકો જ ખરી દિવ્ય પ્રતિભાઓ છે. જેને સમાજ ઓળખી નથી શકતો એ સમાજ અને દેશનું દુર્ભાગ્ય છે.

★ ખેડૂત પણ ખેતરમાં વધુ ઘાસ હોય ત્યાં જ પ્રથમ નિંદામણ કાઢે છે. ત્યારે ન્યાયની રીતે જો આ લોકો પોતાનું જીવન વંચિતો, પછાતોમાં વિતાવે, મળેલ દાનમાંથી સંપત્તિઓ ઊભી કરવાના બદલે વંચિતોના કલ્યાણમાં વાપરે ; તેમજ ઉચ - નીચ, બ્રાહ્મણ - શુદ્ધના કે આભડછેટના ભેદભાવથી મુક્ત હોય તો જ તેઓ સાચા સાધુ છે. પરંતુ સંપ્રદાય સ્થાપકોએ પોતાનું જીવન પ્રથમથી જ ધર્મનિષ્ઠ અને સભ્ય લોકો વચ્ચે વિતાવ્યું છે. અને ભૂખે મરતી પ્રજા, પ્રકૃતિ રાષ્ટ્રને ભૂલીને સંપત્તિ એકઠી કરી વારસદારોને સોંપી છે. આથી તેઓ ધર્મ પ્રવર્તક નથી જ. ભગવાન તો શું સાચા સાધુ પણ નથી. ધર્મના વેપારી અને દલાલો છે.આઝાદી પછી જમીનદારો જમીન વિહોણા બન્યા, ને પટેલો શિક્ષણ - ઉદ્યોગથી ધનવાન થયા એટલે સ્વાર્થી સાધુઓ જમીનદારોને મૂકીને પટેલોને પકડી લીધા ?.

જે પ્રથમથી જ શિવજી, શ્રીરામ, શ્રીકૃષ્ણ, હનુમાનજી, દેવી શક્તિ ઉમિયા અંબાજી અન્નપૂર્ણા બ્રહ્માણીના ભક્ત હતા. રામાયણ, ભગવદ ગીતા, ભાગવત જેવા મહાન શાસ્ત્રોના ઉપાસક હતા. તેઓને કંઠી બાંધવી એ કોઈ ધર્મ સ્થાપના નથી નથી નથી જ. સ્વામિનારાયણ પહેલા કયો પટેલ નાસ્તિક કે ધર્મવિહીન હતો ? સત્સંગીના નામે સાચો ધર્મ ભુલાવીને પોતાના વાડામાં પુર્યા છે.સ્વામિનારાયણ સંપ્રદાયના પાયામાં જ વંશપૂજા, વંશનો પક્ષપાત, વૈભવ, સ્વાર્થ, કપટલીલા હતા જે અત્યારે હજાર ગણા વધ્યા છે. એટલે માત્ર ૨૦૦ વર્ષમાં આ સંપ્રદાયના નાના-મોટા ૨૦૦ ફાંટા પડી ગયા. હવે દરેક ફાટાને પોતાનું અસ્તિત્વ ટકાવવા અલગ મંદિર, સમૈયા, પાટોત્સવ, મહોત્સવ, ભ્રમિત કથાઓ , ગુરુના જન્મદિવસો , મરણતિથીઓના નવા નવા નુસખા કરે છે. તમામ નુસખાઓ માટે ધનની વ્યવસ્થા ને મફતની મજૂરીનો સ્ત્રોત પટેલ પ્રજા જ છે. આ નુસખા પૂરતું જ ધન એકત્ર કરવામાં નથી આવતું, ભગવાનની સેવાના નામે ૧૦ ગણું ઢસડી લેવામાં આવે છે. ખરેખર ★ધર્મ એટલે ×જ્ઞાનસત્તા★× તેના બદલે ★સંપ્રદાયો અને સાધુઓ છેતરપિંડીની અને ગેરકાનૂની મહા ×ધનસત્તા× બની ગયા છે★.

સમાજ અને દેશ અનેક સમસ્યાઓ, ગરીબી, દુઃખોથી પીડાય છે. સ્વાર્થી સંપ્રદાયોએ ગામડા અને સમાજને વેર વિખેર કરી નાંખ્યાં છે. જેઓ કપટપૂર્વક લોકોનું દાન- સમય -બુદ્ધિ બધું જ ચૂસી જાય છે. ભગવાનની સેવાના નામે અમર્યાદ ધન ભેગું કરીને રાજાઓ કે નગરશેઠોથી ૧૦૦ ગણો વૈભવ ભોગવે છે ! બ્રહ્મચર્ય, પવિત્રાતા, સત્ય, નીતિ, ત્યાગ, સાદાઈની સાધુતા તો દીવો લઈને શોધવા જાઓ તો પણ મળે તેમ નથી.

ભક્તોને શ્રદ્ધા અને ભગવાનના નામે વિચારતા બંધ કરી દીધા છે. એથી એકવાર સંપ્રદાય કે ગુરુમાં ફસાયેલો ભણેલો વ્યક્તિ પણ કપટી ગુરુની બધી વાત માને છે, ને ૧૦ બુદ્ધિજીવીની કે ઘણીવાર માતા-પિતાની એક વાત માનવા તૈયાર નથી. શ્રદ્ધાના નામે આ ચાલાક સાધુઓ અંધ ભક્તોમાં બુદ્ધિશાળીને ★નાસ્તિક★ માં ખપાવીને ભક્તોને સાચા તારણહારથી દૂર રાખવા તમામ કાવા દાવા કરે છે. વિચાર શૂન્ય ભક્તોની ખૂશામતો કરીને ખીલે બાંધી રાખે છે.

સંપ્રદાય સ્થાપકને મોટા ચીતરવા અને અઢળક દાન ભેગું કરવા સૈતાનોને શરમાવે એવા જૂઠાણા ફેલાવે છે.

પરંતુ પટેલોની વિચાર શક્તિ અને આત્મચિંતન ઉપર અલીગઢી તાળું મારી દેવામાં આવ્યું છે. સમાજની આવી અવ દશામાં અને જ્યારે ★પોતાની કુળદેવી ઉપર ધોયેલા લુગડાનું પાણી છાંટી હળાહળ જુઠાણાથી હળાહળ અપમાન કરે છે. ત્યારે પણ આગેવાનો સાવ મૌન છે★ !વિદ્વાન અને નિર્ભય નેતૃત્વ વગરનો સમાજ સંપ્રદાયોની ચકરડીમાં હાથીની સાંકળે બંધાઈને તન મન બુદ્ધિ ધન સમયના શોષણનો ભોગ બન્યો છે. શિક્ષણ અને ધનથી સંપન્ન સમાજ બૌદ્ધિકોની નજરમાં મૂર્ખમાં ખપી રહ્યો છે. આગેવાનો- વક્તાઓ બેહોશી અને ભય છોડીને સમાજને આ શોષણની ચકરડીમાંથી મુક્ત કરીને વિચારશીલ, નીડર,, રાષ્ટ્રભક્ત બનાવે, એવી હૃદય પૂર્વક અપીલ છે.

વિજય ત્રાડા, રાજકોટ



તા.૧૭-૯-૨૦૨૩ રવિવારે સવારે ૯-૩૦ થી ૨-૦૦ દરમ્યાન વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને દેશના યશસ્વી પ્રધાનમંત્રી મા.શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૩ મા જન્મદિન પ્રસંગે શ્રી કામેશ્વર મહાદેવ,અંકુર રોડ,નારણપુરા ખાતે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ,સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ સેવા કાર્ય તથા વિશ્વ શાંતિ અને તેઓશ્રીના સારા સ્વાસ્થ્ય,દિર્ઘાયુષ માટે પાંચ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન શ્રી કામેશ્વર મહાદેવ તથા મોતીરામ વિઠ્ઠલદાસ સાર્વજનિક ટ્રસ્ટ,લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલ,નોર્થ,નારણપુરા અને ભારતીય જનતા પાર્ટી નારણપુરા વિધાનસભા,શ્રી મોઢ મોદી યુવા ચેરિટેબલ ટ્રસ્ટ તથા ગાયત્રી પરિવાર નારણપુરાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ જેમાં કાર્યક્રમનું ઉદઘાટન દિપ પ્રાગટ્ય દ્વારા સાસંદ રાજ્ય સભા શ્રીનરહરિભાઈ અમીને કર્યું હતું જ્યારે મા.શ્રીજીતુભાઈ પટેલ (ભગત)ધારાસભ્ય નારણપુરા વિધાનસભા-મહામંત્રીશ્રી અમદાવાદ શહેર, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, નારણપુરા,સ્ટેડિયમ,નવા વાડજ વોર્ડના કોર્પોરેટરશ્રીઓ,અમદાવાદ શહેરના હોદ્દેદારો,કામેશ્વર મહાદેવના ટ્રસ્ટીશ્રીઓ,ગાયત્રી પરિવાર નારણપુરા,લાયન્સ ક્લબના હોદ્દેદારો મેડિકલ કેમ્પ તથા ગાયત્રી યજ્ઞમાં ઉપસ્થિત રહ્યા હતા સદર વિવિધ આરોગ્યલક્ષી મેડિકલ સેવાઓનો જનતા જનાર્દન મોટી સંખ્યામાં લાભ લીધો હતો.




આત્મ નિર્ભર ભારતના પ્રણેતા, અખંડ ભારતના સ્વપ્ન દ્રષ્ટા, દુનિયાના સૌથી લોકપ્રિય નેતા, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મ દિવસ નિમિતે સેવા પખવાડિયા અંતર્ગત ભારતીય જનતા યુવા મોરચા સુરેન્દ્રનગર વઢવાણ શહેર દ્વારા મેડીકો હોસ્પિટલના સહયોગથી ફ્રી નિદાન કેમ્પ તેમજ લાયન્સ ક્લબ ઓફ સુરેન્દ્રનગર રોયલ, ફર્નિચર એસોસિએશન, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું, આ કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ રક્તદાન કર્યું તેમજ મોટી સંખ્યામાં દર્દીઓએ નિદાન કરાવ્યું. આ પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીમતી વર્ષાબેન દોશી, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને વઢવાણ વિધાનસભાના ધારાસભ્ય શ્રી જગદીશભાઈ મકવાણા, જીલ્લા ભાજપ મહામંત્રી શ્રી ધીરુભાઈ સિંધવ, શ્રી હાર્દિકભાઈ ટમાલીયા, જીલ્લા યુવા મોરચાના પ્રમુખ શ્રી સિદ્ધરાજ સિંહ ઝાલા, સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી જીજ્ઞાબેન પંડ્યા, કારોબારી ચેરમેન શ્રી જીતેન્દ્રસિંહ ચાવડા તેમજ હિતેશભાઈ કાગડા, સંગીતાબેન વ્યાસ, હાર્દિકભાઈ કાગડા, કલ્પેશભાઈ સંઘવી, અક્ષયભાઇ ગાંધી, જીલ્લા ભાજપ, શહેર ભાજપ હોદ્દેદારશ્રીઓ અને શહેર યુવા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.

# આપણા નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે રામપુર (રાયગઢ) માં ભારત સ્કાઉટ ગાઈડ સંઘ અને સંસ્કાર ગુર્જરી દ્વારા કપડા વિતરણ કરવામાં આવ્યા



વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ભારત સ્કાઉટ ગાઈડ સંઘ સાબરકાંઠા અરવલ્લી અને સંસ્કાર ગુર્જરી દ્વારા રાયગઢ પાસેના રામપુર ગામમાં સમગ્ર ગ્રામજનોને કપડા વિતરણનો કાર્યક્રમ કરવામાં આવ્યો આ કાર્યક્રમમાં રાયગઢ મહાકાલી મંદિરના મહંત શ્રી ઉદયગીરી સ્વામીજી પધાર્યા હતા એમને આ ઉમદા કામગીરીને ખૂબ જ વખાણી હતી અને આશીર્વાદ આપ્યા હતા કે આવા સારા કામો કર્યો કરતા રહો તેથી ભગવાન તમને શુભ કાર્ય ના આશીર્વાદ આપશે ચીફ કમિશનર અતુલભાઇ દીક્ષિતે જણાવ્યું હતું કે માન્ય નરેન્દ્રભાઈ મોદી આપણા દેશને વિશ્વ ગુરુ તરફ લઈ જઈ રહ્યા છે ત્યારે આપણે એમને સાથ અને સહકાર આપવો જોઈએ અને એમને આયુષ્ય ભગવાન ખૂબ આપે અને ભારતમાતાના કલ્યાણ કરવા માટે તેમણે તંદુરસ્તી સારી રાખે એમના શરીરમાં કોઈ દર્દ ન થાય એ દ્રષ્ટિથી ગરીબોના આશીર્વાદ લેવા માટે આજે સમગ્ર રામપુર ગામના બધા જ લોકોને કપડાં વિતરણ કરવામાં આવી રહ્યા છે તેથી ગામ લોકોને પણ હું વિનંતી કરું છું કે મા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આશીર્વાદ આપે અને ભારત માતાના કલ્યાણ માટે ખૂબ સારા કામો કરે. આ પ્રસંગે જિલ્લા ગાઈડ કમિશનર ડો. ભારતીબેન ચૌધરી, સ્કાઉટ કમિશનર નીતિનભાઈ ગુર્જર, જિલ્લા રેંજર કમિશનર સોનલબેન ડામોર, રેન્જર કેપ્ટન કૈલાશબેન નીનામા, રેંજર કેપ્ટન સ્નેહાબેન નિનામા તથા ગામના આગ્રણી દશરથસિંહ, પ્રાથમિક શાળાના આચાર્ય કમલેશભાઈ પટેલ, તથા મોટી સંખ્યામાં ગ્રામજનો અને બહેનો હાજર રહ્યા હતા નાના બાળકો એ કપડાં નહતા પહેર્યા એમને ત્યાં ને ત્યાં જ કપડાં પહેરાવી દેવામાં આવ્યા હતા.નાના બાળકો કબ,બુલબુલ, બની,ટમટોલા ને ગ્લુકોઝ બિસ્કીટ આપવામાં આવ્યા હતા.અંતે વંદેમાતરમ્ અને ભારતમાતાના જયઘોષ થી સૌ ગ્રામજનો આનંદીત થયા હતા.

# વડાલીના ધામડી અન્નક્ષેત્ર ખાતે નવીન ગૌશાળાનુ ઉદ્દઘાટન કરવામા આવ્યુ

સાબરકાંઠા જીલ્લાના વડાલી તાલુકામા આવેલ ધામડી અન્નક્ષેત્ર ખાતે સ્વ. જયંતિભાઈ પાટીદારની યાદમા વડીલોનો વૃંદાવન કાર્યક્રમ તારીખ ૧૬ સપ્ટેમ્બરના શનિવારના રોજ સવારે ૯ કલાકે યોજાયો હતો મનોરંજનથી મનોમંથન સુધીનો અને હાલના સમયમા મા-બાપ અને સંતાનો,સાસુ અને વહુના



, દીકરીના હ્રદય પરિવર્તન કરતો તદ્દન નવા જ પ્રકારના કાર્યકર્મનુ આયોજન સ્વ.જયંતિભાઈ પાટીદારના સુપુત્ર એવા ભરતભાઈ પટેલ દ્વારા કરવામા આવ્યુ હતુ જેમા વડીલોના વૃંદાવન કાર્યક્રમમા મા-બાપને ભૂલશો નહિ અને દીકરી વહાલનો દરિયો જેવો ભવ્ય લોકડાયરો યોજાયો હતો

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO.:0101
વિષયઃ સમરસતા
પ્રકારઃ ગદ્ય લેખ
શીર્ષકઃ સામાજિક સમરસતા
શબ્દોઃ ૩૩૩.
લેખકઃ ભરત સાંગાણી

સામાજિક સમરસતા એક વિસ્તૃત વિચાર છે. આ વિચારની સાથે ભાવનાત્મકતા પણ જોડાયેલી છે. સમરસ એટલે એકરૂપતા. ન કોઈ મોટું ન કોઈ નાનું, ન કોઈ સ્વર્ણ ન કોઈ શુદ્ર, ન કોઈ હિન્દૂ ન કોઈ મુસલમાન, ન કોઈ ગરીબ ન કોઈ અમીર, ન કોઈ સ્ત્રી ન કોઈ પુરુષ. બધાં સમાન. સામાજિક સમરસતાનો મુખ્ય ઉદ્દેશ સમાજના લોકો વચ્ચે ભાઈચારો, સદભાવનાનું નિર્માણ કરવાનું છે. કોઈની સાથે પણ જાત-પાત, ધર્મ, સંપ્રદાય કે ભાષાના આધાર પર ભેદભાવ ન હોવો જોઈએ. બધાંએ હળીમળીને ચાલવાનું-જીવવાનું.

ક્રોધ, નફરત વૈમનસ્યથી સામાજિક સમરસતા નહીં આવે. સમાજને જોડવાનું કામ સાહિત્ય દ્વારા સૌથી સારી રીતે થઈ શકે છે. કવિ લેખક પોતાના લખાણો દ્વારા માનવીય સંવેદના સારી રીતે ગ્રથિત કરી શકે છે. માણસથી માણસ, માણસથી સમાજ અને સમાજથી સમાજને જોડવાનું કાર્ય જ સમરસતા છે.

લોકોમાં જાગરૂકતા વધી છે લોકો સમજવા પણ લાગ્યા છે છતાં પણ આ દિશામાં હજુ ઘણું કામ કરવાનું બાકી છે. દલિત સાહિત્યમાં આ કામ ઘણું સારી રીતે થયું છે. ખાસ કરીને લેખક મોહન પરમારના સાહિત્ય સર્જન દ્વારા કલાત્મક ઢંગથી કરવામાં આવ્યું છે.

★નકલંક★ ફક્ત દલિત સાહિત્યની જ નહીં પરંતુ ગુજરાતી સાહિત્યની પ્રસિદ્ધ વાર્તા છે. ગામડાની એક જ શાળામાં સાથે ભણતાં હતાં ત્યારથી દીવાને કાંતિ માટે ભીની લાગણી હતી. અમદાવાદની મિલો બંધ થઈ જવાને કારણે કાંતિ પત્ની અને પુત્રી સાથે પાછો ગામમાં રહેવા આવી જાય છે. ગામડાંમાં આવીને પાછો તે તેના પરંપરાગત વણકરના વ્યવસાયમાં જોડાય જાય છે. સાથે સાથે તે તેના જુના મિત્ર અને દિવાનો પતિ મંગલદાસ મુખી સાથે પણ કામ કરવાનું શરૂ કરી દે છે. આને કારણે કાંતિને દિવાના ઘરે આવવા જવાનું થાય છે. બંને વચ્ચે નિકટતા વધતી જાય છે. એક સ્વર્ણ સ્ત્રી દલિત પુરુષમાં પોતાનો પ્રેમ પાથરે છે. તેનું શરીર સૌંદર્ય કુરબાન કરવા તૈયાર તેને એકાંતમાં મળવાનું આમંત્રણ આપે છે. પરંતુ કાંતિને આ વાત ખૂંચે છે, તેથી તેને મળતો નથી.તે શારીરિક સંબંધ બાંધવામાં અપરાધ ભાવ અનુભવે છે, અને અનૈતિક સંબંધ બાંધી તે પોતાના મિત્ર મંગલદાસને દગો આપવા તૈયાર નથી. દિવાની પૂર્ણ સહમતિ હોવા છતાં તે અનૈતિક સંબંધ ન બાંધીને નિષ્કલંક રહે છે. મિત્ર પ્રત્યે કાંતિનો આ સદ્વ?યવહાર જ સામાજિક સમરસતા છે.દલિત અને સ્વર્ણ સમાજ વચ્ચેની સમરસતા, વિવેક દ્દષ્ટિ ગોચર થાય છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ફ્રંય. જી જી. ફ્રં. ००९७
વિષયઃ સમરસતા
પ્રકારઃ ગદ્ય
શીર્ષકઃ શરબત

દાંપત્ય જીવન લીબુ શરબત જેવું છે. ખાટું મીઠું. પતિ પત્ની બંને બે અલગ પરિવારમાંથી આવતા હોય છે. જેથી કરીને બંને ના સ્વભાવ, વિચાર, સંસ્કાર, રહેણી કરણી ભિન્ન જ રહેવાના. દાંપત્ય જીવનને સુમધુર અને આનંદદાયી બનાવવા માટે બંને વચ્ચે સમરસતા જરુરી છે.ચોક્કસ જ રેશિયો વધતો હોય શકે. દરેક પરિવારમાં પત્ની જ સમજુ હોય એવું પણ કહી શકાય નહી. કોઈ પણ એક સમજુ પાત્ર હોય એ નમતું મુકી દે તયારે આ સમરસતા બેલેનસ થઈ જાય. અને જ્યારે આ સમરસતા જળવાય તયારે પરિવાર મહેંકી ઉઠે. પરિવારમાં માતા-પિતા,બાળકો અને પતિ પતનિ બધાં જ એક બીજાને અનુકૂળ થઈને રહે એ જ સમરસતા. લીબુ શરબતમાં ખાંડ-લીબુ સાથે અને અન્ય મસાલા પણ યોગ્ય પ્રમાણમાં ઉમેરવામાં આવે ત્યારે એ શરબત એક દવાનું કામ કરે છે. આ રીતે બધા સભ્યો નું એક બીજા સાથેનું અનૂકુલન એ સુખી અને તંદુરસ્ત પરિવાર ની નિશાની છે. જે દરેક સમાજ માટે પાયાની જરુરીયાત છે.

વરષાબેન દેસાઈ
એડવોકેટ
વડોદરા-સિડની..૧૭/૯/૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ફ્રંયફ્રં.૦૦૫૯
વિષયઃ શબ્દ- સમરસતા
પ્રકારઃ હાઈકુ -- ૧૧.
લેખકઃજયકાન્ત ઘેલાણી ★પ્યારે★

સમરસતા ?
વધે શોભા, સંબંધ
ની નિકટતા.

બાળ થી વૃધ્ધ
ચાહે સમરસતા
શોભે મિત્રતા.

ભાવે રશોઈ ?
જો તેમા, પૂરે પુરી
સમરસતા !

મોદીની વાણી
આજ વિશ્રવ વધાવે
છે મધૂરતા !

ભારતદેશ
ભળી સમરસતા !
છે વિશ્રવગૂરૂ.

તમારી પાસે
ગૂણ સમરસતા ?
પ્યારે, પૂજાવ !

છે સબરસ
નુ હૈયે બીજુ નામ
સમરસતા !

દૂનિયા ઝૂંકે ?
હાં, જો તમારી પાસે,
સમરસતા

સમરસતા ?
સાચો સરળ અર્થ,
સમજદારી!

ઈચ્છો પ્રગતિ ?
શીખો સમરસતા,
ચરણપાસ !

એકજ ગુણ ?
વિશ્રવ તમારી સાથે,
સમરસતા !

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ફ્રંયજીજી ફ્રં : ૦૧૧૦
વિષય : સમરસતા
શીર્ષક : 'સમરસતા એક અદ્ભુત ગુણ'
શબ્દો : ૩૩૭
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

સમરસતા એટલે બધા તરફ એક સરખા ભાવથી જોવું અને તેમના પ્રતિ રાગ અને દ્વેષ રહિત વર્તન કરવું. જે વ્યક્તિ પોતાના જીવનમાં સમરસતાનો ગુણ સ્થાપિત કરી શકે તે જીવનની અડધી લડાઈ આપો આપ જીતી જાય છે. સામેવાળી વ્યક્તિને કોઈપણ પૂર્વગ્રહથી કે પૂર્વધારણાથી પ્રેરિત થઈને ન મૂલવતાં તેના વાણી વર્તાવ અને સ્વભાવને નિષ્પક્ષપણે તેના મૂળભૂત સ્વરૂપે જોવા અને સ્વીકારવા તે એક અદ્ભુત ગુણ છે. આ ગુણથી કોઈ બીજી વ્યક્તિને બિનજરૂરી તરફેણ કે તિરસ્કારથી જોવામાં અને મૂલવવામાં આવતી નથી.

ઘણી વ્યક્તિઓ બીજાની બાબતમાં પક્ષપાતી વલણ ધરાવતા હોય છે. બીજાના કોઈપણ કાર્યમાં દોષ કે ખોડખાંપણ અવશ્ય શોધી કાઢે છે અને તેની જાહેરમાં ટીકા કરતાં ખચકાતા નથી. આવી વ્યક્તિઓ પોતાના દોષ અને ખામીઓ હંમેશા ઢાંકી રાખે છે અને નજરઅંદાજ કરે છે. આ સમરસતાથી વિરુદ્ધ બાબત છે. અમુક વ્યક્તિઓ સમરસતાના ગુણથી ભરેલી હોય છે. તેઓ સરળતાથી બીજા સાથે ભળી જાય છે. જ્યાં જાય ત્યાં સમભાવથી વર્તન કરે છે અને પ્રિય વચનો બોલે છે. રાગ અને દ્વેષથી પર નિષ્પક્ષ રીતે સાચાને સાચું અને ખોટાને ખોટું કહેવાની હિંમત ધરાવે છે. તેઓ કોઈની ખોટી ખુશામતમાં માનતા નથી અને ટૂંકાગાળાના સ્વાર્થ સાધવાથી દૂર રહે છે.

જીવનમાં ઘણી તકલીફો અને મુશ્કેલીઓની ક્ષણો આવે છે. જે વ્યક્તિ આનંદની અને તકલીફોની દરેક પરિસ્થિતિને સમભાવે જુએ છે અને સમરસતાથી હસતા ચહેરે તે દરેક પરિસ્થિતિનો સામનો કરે છે, એનામાં આનંદની પરિસ્થિતિઓને ભરપેટ માણવાની તાકાત હોય છે અને મુશ્કેલીની વિકટ પરિસ્થિતિઓનો સામનો કરવાની ક્ષમતા પણ હોય છે. આવા લોકો આનંદની ક્ષણોમાં છકી જતા નથી અને મુશ્કેલીમાં ભાંગી પડતા નથી કે દોષનો ટોપલો બીજા ઉપર ઢોળી દેતા નથી. આવી વ્યક્તિઓ પોતાના જીવનની નાવ દરેક પરિસ્થિતિમાં આસાનીથી હંકારી જાય છે ઉપરાંત તેમની સાથે જોડાયેલી બીજી વ્યક્તિઓને પણ ઉદાહરણ પૂરું પાડે છે.

આજના યુગમાં માણસ દિવસ દિવસે સ્વાર્થી બનતો જાય છે. સંબંધોના અવળા સમીકરણો રચે છે અને હરીફાઈના ઓઠા હેઠળ પોતાની આસપાસના લોકો સાથે ઈર્ષ્યા ,રાગ અને દ્વેષથી ભરપુર વ્યવહાર કરે છે. લાંબેગાળે પોતાનું માન અને સ્વમાન ગુમાવે છે. સ્વાર્થના કુંડાળામાંથી બહાર નીકળી બીજી દરેક વ્યક્તિ સાથે સમભાવ અને સમરસતાથી વાણી, વર્તન અને વ્યવહાર કરવામાં આવે તો ન માત્ર

તે માન અને આત્મસન્માન નો અધિકારી બને છે, પરંતુ હંમેશા એક અકલ્પ્ય માનસિક શાંતિનો અનુભવ કરે છે.

# શહેરના ૩ કુખ્યાત બુકીએ ૪ પત્રકાર સાથે મળી જુગાર ક્લબ શરૂ કરી હતી : ૩ની ધરપકડ, ૪ની શોધખોળ

અમદાવાદ,તા.૧૭

શહેરના દૂધસાગર રોડ પરના રબ્બાની કોમ્પ્લેક્સની દુકાનોમાં ચાલતી જુગાર ક્લબ પર ગત તા.૩ જૂનના ક્રાઇમ બ્રાંચના પીઆઇ બી.ટી. ગોહિલ સહિતની ટીમે દરોડો પાડી જુગાર રમી રહેલા ૨૧ શખ્સને રૂ.૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા, પોલીસનો દરોડો પડતાં જ મુખ્ય ત્રણ બુકી નાસી છૂટ્યા હતા, ત્રણેય બુકીને શનિવારે રાત્રે પોલીસે ઝડપી લઇ પૂછપરછ કરતાં જુગાર ક્લબમાં નામાંકિત બુકી ત્રિપુટી સાથે શહેરના ચાર પત્રકારો ભાગીદાર હોવાનો ધડાકો થયો હતો, પોલીસે ચારેય પત્રકારો સામે પણ ગુનો નોંધી ચારેયની શોધખોળ શરૂ કરી હતી.

રબ્બાની કોમ્પ્લેક્સની જુગાર ક્લબના દરોડા બાદ મુખ્ય ત્રણ બુકી સૌકત હુશેન કરગથરા, શાહબાઝ હબીબ કુરેશી અને જયેશ ભીખુ ભટ્ટી નાસી ગયા હતા, ત્રણ મહિના સુધી રાજ્યની બહાર છુપાઇ ગયેલી બુકી ત્રિપુટીને અંતે પકડવામાં પોલીસને સફળતા મળી હતી, પીઆઇ બી.ટી. ગોહિલની ટીમે શનિવારે સાંજે સૌકત કરગથરા, શાહબાઝ કુરેશી અને જયેશ ભટ્ટીને ઝડપી લઇ ગવીઢબે પૂછપરછ કરતાં બુકી ભાંગી પડ્યા હતા અને પોપટની જેમ સમગ્ર સ્ટોરી પોલીસ સમક્ષ વર્ણવી હતી.

સૌકત અને શાહબાઝે પોલીસ સમક્ષ કબૂલાત આપી હતી કે, અગાઉ પોતે જુગારના ગુનામાં પાંચેક વખત પોલીસ ચોપડે ચડી ચુક્યા છે. નાણાં કમાવવા માટે જુગાર ક્લબ શરૂ કરવી હોય અને પોલીસ કે મીડિયા નડતરરૂપ થાય નહીં તે માટે બે પત્રકાર દિગ્વિજયસિંહ જયવીરસિંહ ઝાલા અને હુશેન જોયેબભાઇ ભારમલનો સંપર્ક કર્યો હતો અને બંને પત્રકારે જુગાર ક્લબ શરૂ કરવાની તૈયારી બતાવી હતી અને પોતાની ટીમમાં અન્ય બે પત્રકાર એઝાઝ અહેમદ શેખ અને ચિરાગ અશોક ચાવડા પણ રહેશે તેવો સોદો નક્કી કર્યો હતો.

જુગારની ક્લબમાં દરરોજ જુગારીઓને બહારથી બોલાવી જુગાર રમાડવાના અને મિનિમમ રૂ.૩૦ હજારની નાલ ઉઘરાવવાનું નક્કી થયું હતું અને નાલની જે રકમ આવે તેમાં સૌકત, શાહબાઝ અને જયેશના ૫૦ ટકા તેમજ બાકીના ૫૦ ટકામાં ચાર પત્રકારોની ભાગીદારી નિશ્ચિત થઇ હતી. પ્રથમ દિવસે રૂ.૩૦ હજાર અને ત્યારબાદ રૂ.૬૫ હજાર સુધીની નાલ ઉઘરાવાઇ હતી અને દરરોજ રાત્રે પૈસાના ભાગ પાડી લેવાતા હતા, આઠ દિવસ ચાલેલી ક્લબમાં ચારેય પત્રકારોને રૂ.૧.૨૦ લાખ ચૂકવ્યાની બુકીએ કેફિયત આપી હતી.

દિગ્વિજયસિંહ અને હુશેન ભારમલે પોલીસ પાસેથી મંજૂરી મેળવી લીધાના બણંગા બુકી પાસે ફૂંક્યા હતા અને ચારેય પત્રકારો સમયાંતરે જુગાર ક્લબે જતા હતા અને દુકાનની બહાર બેસી રખોપું પણ કરતા હતા, પોલીસ ક્યારેય નહીં આવે તેવી ગુલબાંગો મારી પત્રકારો જુગારીઓને બિન્દાસ્તપણે જુગાર રમવા પ્રોત્સાહિત કરતા હતા. ત્રણેય બુકીની ધરપકડ કરી પૂછપરછમાં ચાર પત્રકારોના નામ ખૂલ્યા હતા, પોલીસ ધરપકડ કરે તે પહેલાં તમામ ભાગી ગયા હતા.

# સભ્યતા ગાંધીનગર, ગુજરાતમાં પોતાના પ્રથમ સ્ટોરના ભવ્ય ઉદ્ઘાટન સાથે એથનિક ફેશનને પુનઃવ્યાખ્યાયિત કરે છે




ગાંધીનગર, ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ઃ ભારતની અગ્રણી પ્રીમિયમ એથનિક વેર બ્રાન્ડ સભ્યતા ગાંધીનગર, ગુજરાતમાં પોતાના પ્રથમ સ્ટોરના ભવ્ય ઉદઘાટનની જાહેરાત કરીને રોમાંચ અનુભવે છે. આ મહત્વપૂર્ણ પ્રસંગ રવિવાર, ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાયો, જે ગુજરાતની રાજધાનીમાં સાભ્યતાની હાજરીના નોંધપાત્ર વિસ્તરણને ચિહ્નિત કરે છે.

સભ્યતા, તેના ઉત્કૃષ્ટ એથનિક વેર કલેક્શન માટે પ્રખ્યાત છે, તેણે સમગ્ર દેશમાં ફેશન ઉત્સાહીઓ તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મેળવ્યો છે. આ વિશિષ્ટ સ્ટોરના ઉદઘાટન સાથે, બ્રાન્ડ સમૃદ્ધ ઔદ્યોગિક શહેર ગાંધીનગરમાં ફેશન-ફોરવર્ડ વ્યક્તિઓના મનને મોહિત કરવા માટે તૈયાર છે. ગાંધીનગમાં ધ લેન્ડમાર્ક, ઊર્જાનગર ૧, કુડાસણ ખાતે સભ્યતાના સ્ટોરનો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. ગાંધીનગર, જેને પોતાના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને એક મજબૂત પ્રાદેશીક અર્થવ્યવસ્થા એકીકૃત રીતે મિશ્રિત કરવા માટે જાણીતું છે, તે ફેશન અને સંસ્કૃતિના ક્ષેત્રોમાં અપાર સંભાવનાઓ ધરાવે છે. તે ફેશન ઉત્સાહીઓ માટે એક ઉભરતુ કેન્દ્ર છે, જેઓ પરંપરા અને આધુનિકતાના મિશ્રણની પ્રશંસા કરે છે. સ્ત્રીઓ, વિશેષ રીતે ઝડપથી રૂઢિવાદિતાને તોડી રહી છે અને તેઓ એવા પોશાક પહેવાર માટે ઉત્સુક છે, જે કામના સ્થળની સમકાલીન સંવેદનશીલતા સાથે પરંપરાગત સૌંદર્યમીમાંસા સાથે મેળ ખાતા હોય છે. પોતાની વિવિધ ઓફરો સાથે સભ્યતા આજની મહિલાઓની વિવિધ પસંદગીઓને પૂર્ણ કરે છે, જે તેમની શકિત અને ભાવનાનું પ્રતીક છે.ગાંધીનગરમાં પોતાના પ્રથમ સ્ટોરની શરૂઆત સાથે, સભ્યતાનો હેતુ બેજોડ એથનિક વેરની વિવિધ શ્રેણી રજૂ કરવાનો છે, જે તહેવારોની સીઝન માટે યોગ્ય સમય પર ફેશન-ફોરવર્ડ એસેમ્બલ્સનું મિશ્રણ રજૂ કરે છે. સભ્યતાના કલેક્શનની કિંમત રૂ.૫૯૯ અને રૂ.૬,૯૯૯ વચ્ચે છે, જે તેને ફેશનના શોખીનોની વિશાળ શ્રેણી માટે સુલભ બનાવે છે.

નોંધનીય રીતે, સાભ્યતાએ તાજેતરમાં પોતાના ×ઉત્સવ કલેક્શન×નું અનાવરણ કર્યું હતું, જે આધુનિક ભારતીય મહિલાઓ માટે રચાયેલ વારસાગત વંશીય અનુભવોનો એક સંગ્રહ છે. બ્રાન્ડ હંમેશા વંશીયતાને પુનઃવ્યાખ્યાયિત કરવા માટે પ્રતિબદ્ધ છે અને તેણે દેશના દરેક ખૂણેથી વ્યાપક સ્વીકૃતિ મેળવી છે.સભ્યતાએ પોતાની એથનિક વેરની વિશિષ્ટ શ્રેણી સાથે એપેરલ સેક્ટરમાં એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. દેશભરમાં સ્થાપિત સ્ટોર્સ સાથે, બ્રાન્ડ તેની અનન્ય ડિઝાઈન, વાઈબ્રન્ટ કલર પેલેટ્સ અને પોસાય તેવી કિંમતો દ્વારા એથનિક ફેશનની દુનિયાને પુનઃવ્યાખ્યાયિત કરવા તૈયાર છે.

# ચાણસ્મા પંથકમા બે દિવસથી મેઘરજાની પધરામણી થતાં ધરતીપુત્રો હરખધેલા બન્યા



ગત બે દિવસથી વરસી રહેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી થવા પામી હતી. સાથેસાથે ધરતીપુત્રો દ્વારા વાવેતર કરાયેલ મુઝરાતા પાકોને નવજીવન મળતાં સમગ્ર પંથકના ધરતીપુત્રો ખુશખુશાલ જોવા મળી રહ્યા હતા.સમગ્ર ધરતીપુત્રો દ્વારા મોઘા ભાવના બિયારણો લાવી એરંડા, કપાસ, જુવાર, કઠોળ, બાજરી જેવા પાકોનું મોટા પ્રમાણમાં વાવેતર કરવામાં આવ્યુ હતુ. ત્યારે શરૂઆતમાં તો મેઘરાજાએ મહેર કરી હતી. પરંતુ શ્રાવણ માસ કોરો ધાકોર જવા જેવો ઘાટ ઘડાયો હતો. ત્યારે ધરતીપુત્રો દ્વારા બોર વેલમાંથી વેચાણ અર્થે પાણી લઈ પોતાનો પાક બચાવવાની કોશીશ કરી રહ્યા હતા. ત્યારે છેલ્લા બે દિવસથી મેઘરજા રિઝ્યા છે. ત્યારે કાળા ડીબાંગ વાદળો તેમજ કડાકા ભડાકા સાથે એન્દ્રી મારતાં ધરતીપુત્રો દ્વારા પોત પોતાના મુઝરાતા પાકને નવજીવન મળશે તેવી આશા સાથે ખુશખુશાલ જોવા મળી રહ્યા હતા. સાથે સાથે ભારે ઉકળાટ સાથે ગરમીમાં રાહત થઈ જવા પણ પામી હતી

રિપોર્ટર નિખિલ જોષી પાટણ બ્યુરો

# સદાયને માટે

ચાદર ઓઢી મેં સદાયને માટે.
મારી જન્મભૂમિમાં સમાવા કાજે

જે સદાય સંઘર્ષ ને પ્રેરણા દે.
બની ચુંબક મારી જન્મભુમિ જાણે

દુર- દુરથી અહીં લોકો આવ્યા છે.
તેમની તું શ્રેષ્ટ કર્મભૂમિ બની રે.

વર્ષા વરસે તારી સુગંધ અનેરી રે
સ્વર્ગ સમ ખુશ્બુ છે તારી ગોદમાં રે.

સદાય માટે તુંજ ગોદમાં રહેવું રે.
"જિગ્નેશ"સદાયે ઓઢવું કફન મારે.

જિગ્નેશ પટેલ - ભરૂચ

# યાદ લઈ આવે છે,

મેઘની વાછટ પણ તારી યાદ લઈ આવે છે,
સુનાં શમણામાં એ'ય આખી રાત લઈ વાવે છે,

ઝાકળની બૂંદ પણ કેવી છે,પ્રભાતે એ'ય ખોવાઈ જાય,
શીતળ ચંદ્રમાને જુઓ એ'ય અજવાળું લાવે છે,

મુસાફિર બનું છું એજ મારગના પડ્યાં પડછાયામાં,
નિજ સ્પર્શના અધૂરા આલિંગનમાં એ'ય ક્યાં ફાવે છે,

સુની પડી છે તારી ગલીઓ એવા વરસોના વરસથી,
હોંઠ,ને આંખોની મઝધારમાં નામ એ'ય તારું લઈ આવે છે

પ્રજાપતિ મેહુલ -સૂરશબ્દ - ભુજ કચ્છ

# "પ્રેમનો પહેલો પડપ્રદ

આ જ તો છે પ્રેમનો પહેલો પડાવ,
જાણે જીવન સંગે શ્વાસ ને લગાવ.

લઈ હસ્તમાં કલમને લખ્યા પ્રેમપત્ર,
તે થઈ જતો યુગલનો પહેલો ઠરાવ.

મિલનના સંકેત મળે પાંપણ ઉપર,
આંસુનું હથેળીમાં થઈ જતું તળાવ.

પ્રથમ પત્ર ની યાદ છે હૃદય પટ પર,
તાજા સ્પર્શ નો એ જ હતો પ્રભાવ.

'વ્યાપી છે આંખે ઝાખ જમાનાની,
'કમલ' ખુલ્યા હોઠને બન્યો બનાવ.

કમલેશ.વી.પરીખ (બોડેલી- વડોદરા )

# બની આજ તારો..

બની આજ તારો લાલો 'મા' તારા ખોળામાં સૂઈ જાઉં,
ચોળેલું તારા હાથનું ચૂરમું આજ ફરી ચાખી લઉં.

છે મારા ઘેર તું સાક્ષાત તો ચારો તિર્થ છે ઘેર મારા,
માની ખુદ ભગવાન તને આજ તારા ચરણો પૂજી લઉં.

હોઉં ભલે ઘણો મોટો પણ તારા માટે હજુ ય બાળક,
લીંપેલા તારા લિંપણમાં મારી પા..પા..પગલી પાડી દઉં.

કેવી તારી સૂરત લાગે છે સાક્ષાત ભગવાનની તું મુરત,
દર્શન કરી તારા દિવસને મારા ખુશીઓથી ભરી દઉં.

નથી ઘૂંટી એકડો તોય તું મારા મનને વાંચી જય છે,
કરી સેવા તારી મુજ પરના ઋણને થોડું ઓછું કરી લઉં.

"મોજીલો" માસ્તર - પાટણ

# કાશ્મીરમા સફરજનના ઉત્પાદકો અને હાઉસ બોટવાલાને જોઈએ એ મદદ કરવાની ખાસ જરૂર છે



કાશ્મીરનો મુખ્ય ભાગ કાશ્મીર ખીણ છે તે ચારેબાજુ હિમાચ્છિદિત પર્વતોથી ઘેરાયેલી છે અહીં કુદરતે છૂટે હાથે લખલુંટ સૌંદય વેર્યું છે કાશ્મીર ધરતી પરનું સ્વર્ગ કહેવાય છે

ઝેલમ નદીમાં ફરવા માટે ખાસ પ્રકારની હોડીઓ વપરાય છે કમલના ફૂલોથી સુશોભીત આ ઝેલમ નદીમાં ખાસ ઘર હોય છે જેને હાઉસબોટ કહેવાય છે હાલ અહીં હાઉસબોટના માલિકોની હાલત બહુ જ ખરાબ છે અમુક હાઉસબોટ તો ૧૦૦ વરસ જુની છે એક સમયે અહીં ૮૦૦ હાઉસબોટો હતી હવે માત્ર ૭૬ જ હાઉસબોટ બચી છે વરસોથી હાઉસબોટ ચલાવતા હાઉસબોટના માલિકોનું કહેવું છે કે ૪૦ વરસ પછી ઝેલમ નદીનું સ્તર આટલુ ઘટયુ છે હાઉસબોટો સુની પડી છે દેવદારના લાકડા ગરમી સહન ના કરી શકતા હોવાથી તૂટવા લાગ્યા છે લાકડાનો ભાવ ઘનફૂટ દીઠ સાત હજાર થઈ ગયો હોવાથી રીપેરીંગ કામ પણ શક્ય નથી લાકડું અને એક હાઉસબોટ રીપેરીંગ કરવાનો ખર્ચ આશરે પાંચ લાખ રૂપિયા થવા જાય છે આવી હાલતમાં ઘર કેવી રીતે ચલાવવું કે હાઉસબોટ રીપેરીંગ કરાવવી કઈ સમજ પડતી નથી

સહેલાણીઓને આકર્ષવા માટે ફ્લોટીંગ હોટલોનો પેપર ચાંદી તાંબુ કાચ હસ્તશિલ્પોથી. સજાવાય છે

સામાન્ય રીતે હાઉસબોટનું એક રાતનું ભાડુ બે હજાર છે પણ સહેલાણીઓ ઓછા આવતા હોવાથી હાઉસબોટના માલિકોએ ભાડુ ઘટાડીને એક હજાર કરી નાખ્યું છે કાશ્મીરમા ઓછા વરસાદ અને ગરમીને કારણે ઝેલમ નદી સુક્કી ભઠ થઈ ગઈ છે તેથી અહીંનો હાઉસબોટ ઉદ્યોગ બહુ સંકટમા આવી ગયો છે.

કાશ્મીરના સફરજન આખા દેશમાં અરે વિદેશોમાં પણ વખણાય છે કાશ્મીરના સફરજનોની માંગ વધુ હોય છે કાશ્મીરના લગભગ સાત લાખ ખેડૂતો સફરજનના ઉત્પાદન અને વેપાર સાથે સંકળાયેલા છે

કાશ્મીરમાં દર વરસે લગભગ ૧૨ લાખ મેટ્રિક ટન સફરજનનું ઉત્પાદન થાય છે પણ કેન્દ્ર સરકારે અમેરિકા સહિત વિદેશથી આયાત થતા સફરજનની આયાત ડ્યૂટી જે પહેલા ૩૫ ટકા હતી તે ઘટાડીને માત્ર ૧૫ ટકા કરી દેતા સફરજનના ઉત્પાદકોને જબ્બર ફટકો પડ્યો છે આ આયાત ઘટાડવાનો નિર્ણય એવા સમયે કરવામાં આવ્યો છે કે જયારે સફરજન ઉત્પાદકો આબોહવા પરિવર્તનની મુશ્કેલીઓ અને ખુલ્લા બજારમાં સ્પર્ધાત્મક કિંમતોનો સામનો કરી રહ્યા છે કાશ્મીરના સફરજન ઉત્પાદકો આજે વરસોથી લઘુતમ ટેકાનાં ભાવોના કાયદા માટે લડત ચલાવી રહ્યા છે પણ સરકાર મચક આપતી નથી

જો આપને એમ ચાહતા હોઈએ કે કાશ્મીરના યુવાનો આતંક તરફ ના વળે તો એમને સમયસર રોજગાર વેપાર મળી રહે એવા પ્રયાસો થવા જોઈએ સરકારે હાઉસબોટના માલિકોને બેંક લોન આપી મદદ કરવી જોઈએ હાઉસબોટ રીપેર કરાવે પ્રવાસીઓને આકર્ષણ થાય એવી સ્કીમ લાવે એ ખુબ જ જરૂરી છે અને સફરજન ઉત્પાદકો માટે આયાત જકાત ઘટાડવાનો નિર્ણય તાત્કાલિક પાછો ખેંચી લે આયાત જકાત પહેલાની જેમ ૩૫ ટકા જ રાખે આપને આપના સફરજન ઉત્પાદકોને જીવાડવાના છે નહી કે વિદેશી ઉત્પાદકોને.

જો સરકાર મચક નહી આપે તો કાશ્મીરના સાત લાખ સફરજન ઉત્પાદકો બેકાર થઈ જશે અને રોજી રોટી માટે કઈ પણ કરવા તૈયાર થઈ જશે તો આપણને બહુ તકલીફો પડશે

કાશ્મીરને ફરી ધમધમતું કરવું હોય તો સફરજન ઉત્પાદકો અને હાઉસબોટોવાલાને તાત્કાલિક મદદ કરવાની પ્રોત્સાહન આપવાની જરૂર છે

અ બ્બા સ ભા ઈ કૌકાવાલા.સુરત

# સમાજમાં રહેલા વધારેમાં વધારે લોકોને આ પોસ્ટ શેર કરવા ભારપૂર્વક વિનંતી

૧૭ સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ એક વાણિજય શાખાનો સ્નાતક મેડિકલ રેપ્રેસન્ટેટીવની નોકરી કરવા અમદાવાદથી મદ્રાસ (આજનું ચેન્નઈ) જાય છે. આ પચ્ચીસ વર્ષની કારકિર્દીમાં ખૂબ શીખે છે, ડોકટર મિત્રોના સાથ અને સહકારથી ખૂબ કામ કરે છે, આ ૨૫ વર્ષમાં આશરે ૨૫ હજારથી વધુ દર્દીઓને પોતાના પ્રેશર ગારમેન્ટ અને અન્ય ઉત્પાદન આપીને તેમની સારવારમાં પરોક્ષ રીતે સહાયભૂત થાય છે. દાઝી ગયેલા દર્દીઓને પોતાના પ્રેશર ગારમેન્ટથી ખૂબ ફાયદો થાય છે, પરંતુ તેઓ એવી ઈચ્છા રાખે છે કે કોઈ વ્યક્તિ દાઝે જ નહિ. એટલે જ દેશ વિદેશમાં વિવિધ રોગની રોકથામ માટે જાગૃતિ ફેલાવવા બીઈંગ પેશન્ટ ફાઉન્ડેશનની સ્થાપના કરે છે અને પરોપકારના ખૂબ કામ કરે છે અને આ ફાઉન્ડેશન ચલાવવા ૨૦૧૬ ના સ્થાપના વર્ષથી અત્યાર સુધી આશરે ૨૩ લાખ રૂપિયાનો ખર્ચ કરેલ છે.★

★પ્રેશર ગારમેન્ટ વિશે ઉપયોગી માહીતિ★

★પ્રેશર ગારમેન્ટના મુખ્ય ઉપયોગ દાઝી ગયા પછી કે અકસ્માત થયા પછીની રિહેબકેરની સારવારમાં ઉપસેલી કે સંકોચાયેલી ચામડીની જાળવણી કરવામાં થાય છે, જેનાથી સંભવિત ખોડખાંપણ અટકાવી શકાય. તો કીલોઈડ જેવા અસાધ્ય અને ચામડીના જટિલ રોગમાં પણ પ્રેશર ગારમેન્ટનો ઉપયોગ થાય છે. તેમજ શરીરને સુડોળ કરવા થતી કોસ્મેટિક સર્જરી પછી પણ પ્રેશર ગારમેન્ટ નો ઉપયોગ થાય છે. બાયપાસ સર્જરી કે કોઈ અન્ય સર્જરી કર્યા પછી ચામડીની તાસીર કે અન્ય કારણે સર્જરીની જગ્યાએ ચામડી ફૂલતી અટકાવવા અને ફૂલેલી ચામડીને બેસાડવા માટે પણ પ્રેશર ગારમેન્ટનો ઉપયોગ થાય છે. ઘણીવાર પ્રેશર ગારમેન્ટ ના ઉપયોગથી સંભવિત સર્જરી પણ ટાળી શકાઈ હોય તેના ઘણા ઉદાહરણો જોવા મળ્યા છે. તો કેન્સરની જટિલ અને મોંઘી સારવાર પછી સોજા આવતા અટકાવવા માટે પણ પ્રેશર ગારમેન્ટ ઉપયોગી છે. તો કેટલાય દર્દીઓને પગની ફૂલેલી નસો, હાથીપગા કે લીમ્ફોઈડીમા જેવી વાસ્ક્યુલર ડિસઓર્ડર તેમજ નાના બાળકોમાં જન્મજાત વાસ્ક્યુલર ડીસઓર્ડર જેવી જટિલ અને અસાધ્ય બીમારીમાં પ્રેશર ગારમેન્ટ ખુબ અસરકારક ઉપાય સાબિત થાય છે. તો મેદસ્વીપણુ નાબૂદ કરવાની જટિલ અને મોંઘી બેરિયાટ્રીક સર્જરી પછી પણ પ્રેશર ગારમેન્ટ ઉપયોગી સાબિત થાય છે.

★આ બધા જ પ્રકારની સર્જરી કર્યા પછી પ્રેશર ગારમેન્ટ પહેરવુ ખૂબ જરૂરી હોય છે. પ્રેશર ગારમેન્ટ ના પહેરવાને કારણે અથવા ડોકટરની સલાહ મુજબ યોગ્ય પ્રકારે ના પહેરવાના કારણે ઘણા કિસ્સાઓમાં સર્જરી નિષ્ફળ ગયા ના પણ ઉદાહરણ જોવા મળે છે અને ફરી વાર સર્જરી કરાવવાની નોબત આવે છે. આવી સર્જરીમાં ખૂબ ખર્ચ આવવાને કારણે અને મેડીક્લેમમાં પ્રેશર ગારમેન્ટનો ખર્ચ મજરે ના મળવાને કારણે ઘણા દર્દીઓ પ્રેશર ગારમેન્ટ ખરીદી શકતા નથી. જેને પરિણામે આજીવન તેઓને પીડાદાયક સ્કાર અને ખોડખાંણ સાથે જીવવું પડે છે.★

★મિલિન્દ રેખા મુકેશ શાહે તેમની ૨૫ વર્ષની વ્યવસાયિક કારકિર્દીમાં આવા અનેક દર્દીઓ જોયા છે અને તેમની પીડાને પ્રત્યક્ષ રીતે અનુભવેલી છે. તેઓએ ૨૦૦૮ માં અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ માં થયેલા બોમ્બ બ્લાસ્ટના આશરે દસ જેટલા દર્દીઓને પ્રેશર ગારમેન્ટ નિશુલ્ક આપેલા છે, જેની મીડિયા જગતે પણ નોંધ લીધી છે.★

★આવી જ પરોપકારની ભાવનાથી પોતાની વ્યવસાયિક કારકિર્દી ના ૨૫ વર્ષ પૂરા થવાની યાદગીરીમાં તેમજ "તેરા તુજકો અર્પણ" ની સમાજને પરત કરવાની ઉમદા ભાવના સાથે મિલિન્દ રેખા મુકેશ શાહ અને તેમના ધર્મપત્ની વિરલ ( રિપલ ) મિલિન્દ શાહ સમાજના અન્ય દાનવીરો સાથે મળીને એક અનોખી પહેલ શરૂ કરવા જઈ રહ્યા છે.★

★"૧ રૂપિયામાં પ્રેશર ગારમેન્ટ."★

★આપના ધ્યાનમાં જેટલા પણ આવા દાઝી ગયેલા, અકસ્માતમાં ઘવાયેલા, કિલોઈડના, બાયપાસ સર્જરીના, કેન્સરના, હાથીપગાના કે અન્ય વાસ્ક્યુલર ડિસઓર્ડરના, મેદસ્વીપણાના દર્દીઓ આવે કે જેમને પ્રેશર ગારમેન્ટની જરૂરિયાત હોય પણ પોતાની આર્થિક પરિસ્થિતિ ના કારણે ખરીદી ના શકતા હોય તો આ માહિતી આપ તેમના સુધી પહોંચાડો. મેગનીફાય ગ્રુપ બીઈંગ પેશન્ટ ફાઉન્ડેશન અને અન્ય દાનવીરોના સહાયથી આવા તમામ દર્દીઓને તેમનું સ્વમાન સચવાય તે હેતુથી ૧ રૂપિયામાં પ્રેશર ગારમેન્ટ ડોકટરની સલાહ મુજબ આપશે.★

★પ્રેશર ગારમેન્ટ બનાવવાનો અંદાજિત ખર્ચ અને પહેરવાનો સમયગાળો★

★પ્રેશર ગારમેન્ટનો સંભવિત ખર્ચ શરીરના કોઈ એક અંગ માટેનો અંદાજિત ખર્ચ ૫૦૦ રૂપિયા થી શરૂ થઈને ૧૦૦૦૦ હોય છે. જો આખા શરીરના તમામ અંગોના જો પ્રેશર ગારમેન્ટ બનાવવામાં આવે તો આશરે ૨૦૦૦૦ થી ૨૫૦૦૦ નો ખર્ચ આવતો હોય છે. આ પ્રેશર ગારમેન્ટ ઓછામાં ઓછાં ૩ મહિનાથી લઈને આજીવન પણ પહેરવા પડતા હોય છે.★

★મેગનીફાય ગ્રુપ અને બીઈંગ પેશન્ટ ફાઉન્ડેશનની સંપર્ક માહિતી★

★સંપર્ક સૂત્ર★

મિલિન્દ રેખા મુકેશ શાહ

## શ્રી સ્વામિનારાયણ મંદિર કડીમાં, શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના

# આચાર્ય જ્ઞાનમહોદોધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં દ્વિદિવસીય યજ્ઞોપવિત મહોત્સવની પરમ ઉલ્લાસભેર ઉજવણી કરાઈ





કડી એટલે સોનાની દડી. શ્રી સ્વામિનારાયણ મંદિર કડીમાં સામવેદી શ્રાવણીની ઉજવણી સદ્ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાના વખતથી કરવામાં આવે છે. શ્રી ઘનશ્યામ મહારાજ પ્રતિષ્ઠાદિન તથા સામવેદી શ્રાવણીનો સમૈયો શ્રી સ્વામિનારાયણ મંદિર કડીમાં વર્ષો વર્ષથી ઉજવવામાં આવે છે .શ્રી સ્વામિનારાયણ મંદિર કડીમાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદોધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં યજ્ઞોપવિત મહોત્સવના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ તથા શ્રીજીસ્વયંમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રીની સમૂહ પારાયણ કરવામાં આવી હતી. તથા આ મહોત્સવમાં વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની સ્મુતિ પારાયણનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. તથા સ્વામિનારાયણબાપા સ્વામીબાપા તથા વેદરત્ન આચાર્ય સ્વામીશ્રી મહારાજને રથમાં બિરાજમાન કરી ઝુલાવ્યા તથા સંતો હરિભક્તોએ આરતીના લ્હાવા પણ લીધા હતા.આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના જ્ઞાનમહોદોધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજે દિવ્ય આશીર્વાદમાં જણાવ્યું હતું કે ગુરુદેવ શ્રી મુક્તજીવન સ્વામીબાપાના તપનું ફળ ભોગવી રહ્યા છે કે આપણ સર્વને ભગવાનનું ભજન કરવા માટે આ મંદિરનું નિર્માણ કરી આપ્યું છે. મનુષ્યે પોતાનું જીવન ભગવત પરાયણ જીવવું જોઈએ. ભગવાનનું ભજન કરવું એ જ મનુષ્ય જન્મનું કર્તવ્ય છે. ભગવાનનું ભજન કરવામાં અડચણરૂપ એવો કુસ્વભાવને પણ ત્યજવો. સત્સંગમાં થતો ઉપદેશને આપણા જીવનમાં ઉતારવા માટે હાકલ કરી હતી. આવા દિવ્ય પાવનકારી પર્વનો લાભ દેશ વિદેશના હરિભક્તોએ પરમ ઉલ્લાસભેર લીધો હતો.

## વડોદરાના વારસિયા રિંગ રોડ પર આવેલા ૩ ટ્યુશન ક્લાસને ફાયર વિભાગે સીલ કરી દીધા

વડોદરા,તા.૧૭

વડોદરાના વારસિયા રિંગ રોડ પર આવેલા ૩ ટ્યુશન ક્લાસને ફાયર વિભાગે સીલ કરી દીધા છે. આ ટ્યુશન ક્લાસ વારસિયા રિંગ રોડ પરના ચતુરભાઇ કોમ્પકેલ્સમાં આવેલા છે. કોમ્પલેક્સમાં આવેલા જાગૃતિ, સાર્થક અને સ્પીક વેલ કોચિંગ ક્લાસમાં વાયરિંગ નબળી હાલતમાં હોવાનું સામે આવ્યું હતુ.

આ અગાઉ કોમ્પલેક્ષમાં આવેલા ક્લાસિસ પૈકીના એક જાગૃતિ કોચિંગ ક્લાસમાં આગ લાગી હતી. જેને લઈ ફાયર વિભાગે તપાસ કરી. તો નબળુ વાયરિંગ હોવાના કારણે ક્લાસિસમાં આગની ઘટના બની હોવાનું સામે આવ્યુ હતુ. જેથી ફાયર વિભાગે ટ્યુશન ક્લાસને સીલ કરીને કાર્યવાહી હાથ ધરી છે.



અમદાવાદ ખાતે આપ સાંસદ શ્રી સંજય સિંઘ, પ્રદેશ પ્રમુખ શ્રી ઈશુદન ગઢવી, રાષ્ટ્રીય નેતા શ્રી ગોપાલ ઈટાલિયા ની ઉપસ્થિતિમાં આમ આદમી પાર્ટી ગુજરાતનું 'કાર્યકર્તા અધિવેશન' યોજાયું. 'કાર્યકર્તા અધિવેશન' માં, 'આપ'ગુજરાતના તમામ ધારાસભ્યો, પ્રદેશ સંગઠનના નેતાઓ તથા તમામ હોદ્દેદારો અને ખૂબ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.




વિશિષ્ટ શિક્ષણ ક્ષેત્રે કાર્યરત વ્યવસાયિક ના મનોબળને સતત પ્રેરિત રાખવા તેમના કાર્યની નોંધ લઈ ગુજરાત સ્પાસ્ટિક સોસાયટી ધ્વારા વર્ષ ૨૦૨૩ નાં ડો.સુભાષ આપટે એકસેલન્સ એવોર્ડ ની વિવિધ કેટેગરી અંતર્ગત સ્પેશિયલ ટીચર નો એવોર્ડ ડો.રાજેન્દ્રપંડ્યા, બેસ્ટ સાયકોલોજિસ્ટ નો એવોર્ડ ડો.નીશા જોષી,બેસ્ટ સોશિયલ વર્કર નો એવોર્ડશ્રી રસિક છાયા, બેસ્ટ ઓકયુપેશનલ થેરાપીસ્ટ નો એવોર્ડ ડો.વેદાંગી ઉપાધ્યાય,અને બેસ્ટ ફીજીયોથેરાપીસ્ટ નો એવોર્ડ ડો.રોનક વકારિયા ને શશીકુંજ એકેડમી નાં એક કાર્યક્રમ અંતર્ગત પ્રદાન કરવા માં આવ્યા. આ એવોર્ડ સમારંભ માં ગેસ્ટ તરીકે ડો.સુભાષ આપટે ,ભૈરવીબેન લાખાણી ,ડો.નિગમ પંડ્યા, ભરત ઠક્કર, અને નિલેશ પંચાલ ઉપસ્થિત રહી એવોર્ડ એનાયત કર્યા હતા.



એક સાંજ બેઠક ગુજરાતી લિટરરી ગ્રુપ અમેરિકા બારમું સાહિત્ય અધિવેશન....એક અવિસ્મરીય સાંજ બની ગઈ. આજે શ્રી રામભાઇ ગઢવી સાથે શ્રીમતી ભાનુબેનનું અવિસ્મરીય સન્માન થયું અદભૂત... અદભૂત... અદભૂત... પ્રતિસાદ અદભૂત શબ્દ ને ઝાંખો પાડતો અવિસ્મરીય ચાહકોનો પ્રતિસાદ પઆખું વાતાવરણ એક અજબની સંપદનામાં ફેરવાય ગયું,કેટલાયની આંખો ભીજાય ગઈ. આટલા ૨૪વર્ષ ની એકડમી માટે એમના ભાવ કહો કે સેવા બદલ કોઈ શબ્દ કોઈને જડતા ન હતા



ભારતના સફળ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને તેમના જન્મદિવસ પર હાર્દિક અભિનંદન અને શુભેચ્છા માટે તેમનાં લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના અને હવન કરતા ★બટુક આચાર્ય તીર્થ તેજસ મહેતા અને બટુકો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.